પ્રકરણ ૨૭

# રસ્તા – માર્ગો

ખંભાતથી નીકળતા ધોરી માર્ગો : ખંભાત હિન્દનું મુખ્ય બંદર હોવાથી પ્રવાસીઓને જવા તથા અન્ય માલ વગેરે લઈ જવા લાવવાના મુખ્ય મુખ્ય ધોરી માર્ગો આ પ્રમાણે હતા. ઉત્તર હિંદનો અને પૂર્વ હિંદનો માલ આ બંદરેથી જવા આવતો અને પરદેશનો માલ આ બંદરે આવતો. આ બંદરેથી હિંદની અંદરના ભાગોમાં જતો. આ રીતે પ્રાચીન મહાનગર આખા જગતનું એક અગત્યનું વેપારી મથક હતું.

[1]પહેલો માર્ગ : તારાપુરથી સોજીત્રા સુધી :

'નગરાની પશ્ચિમ બાજુએ ભાલનો નીચાણ પ્રદેશ હતો જેથી પશ્ચિમ દિશાએ કોઈ પણ ધોરી માર્ગની શકયતા નહોતી. ચારપાંચ માસ ચોમાસાનું પાણી ભરાઈ રહે એટલે સ્વાભાવિક રીતે તે તદ્દન બંધ રહે અને બાકીના વખતમાં ખરબચડી સખત માટી હોવાથી ધોરી માર્ગો માટે તે જગા નકામી થઈ પડે. નગરાથી બીજો અનુકૂળ માર્ગ તારાપુર થઈ સોજીત્રાનો હતો. આ રાહદારી રસ્તો લગભગ બારેય મહિના માટે ખુલ્લો હતો. તે વખતે માલ લાવવા લઈ જવા માટેનાં સાધનોમાં મુખ્યત્વે પોઠો હતી. વધારામાં ગધેડાં, ઘોડા, ઊંટ અને ગાડાનો ઉપયોગ થતો. આ ધોરી માર્ગો એકલા વેપારના માર્ગો નહોતા. પણ સાથે સાથે લશ્કરોની આવજા કરવા માટેના પણ હતા.'

નગરાથી સોજીત્રા નીકળતો માર્ગ લગભગ સો ફૂટ પહોળો હતો. અને પછીથી સોજીત્રાથી જુદી જુદી દિશાઓમાં ફંટાતા માર્ગો પણ લગભગ એટલા જ પહોળા હતા. સોજીત્રાથી એક માર્ગ ધોળકા જતો હતો. અસામલી આગળ આ માર્ગ સાબરમતીને ઓળંગતો હતો.

ચીની મુસાફર યુઆનશુઆંગ : પ્રખ્યાત ચીની મુસાફર ગુજરાતમાં આવ્યો ત્યારે તે પ્રથમ ઉજ્જૈનથી ખંભાત ગયો હતો. તે મહીસાગરને ઓળંગીને ખંભાત આવેલો અને ખંભાતથી નીકળીને વલભી જાય છે. તે વખતે સાબરમતી નદીનું ઉતરાણ એટલે અસામલી આગળ કરેલું છે. શ્રી મુનશી લખે છે કે યુઆનશુઆંગે સાબરમતીને અસલાલી આગળ ઓળંગી હતી. પણ અસામલી નામની ખબર ન હોવાથી અને નામ સાદૃશ્ય હોવાથી તેમ નામ લખ્યું હશે.

બીજા માર્ગો : સોજીત્રાથી બીજા માર્ગો નીકળી મખ્ખર, ખેડા થઈને આશાવળ થઈને મારવાડ જતો હતો. આશાવળથી આ રસ્તો આગળ જતાં કડી થઈને પાટણ જતો અને ત્યાંથી શ્રીમાલ જતો.

ત્રીજો માર્ગ : નગરાથી સોજીત્રા થઈ નડિયાદ, મહુધા, કપડવંજ, ચિતોડ, ગ્વાલીયર થઈ કનોજ તરફ જતો હતો. ચોથો માર્ગ પાટલીપુત્ર પહોંચતો હતો.

એક માર્ગ સોજીત્રાથી મહેળાવ, વડતાલ, બોરીઆવી થઈને ભાલેજ ઓડ ઉપર થઈને ગોધરા, દાહોદ થઈ ઉજ્જૈન તરફ જતો.

---

૧. માર્ગો સંબંધીનો લેખ શ્રી ભાઈલાલભાઈ દ્યાભાઈ પટેલે લખેલો 'ચરોતરના ધોરી માર્ગો'ના આધારે લખાયો છે. ચરોતર સર્વસંગ્રહ ભા. ૧લો પૃ. ૮૭૨

સોજીત્રાથી આશાપુરી, સુણાવ, કરમસદ, આણંદ જતો હતો વળી સોજીત્રાથી પેટલાદ, મોગરી, નાવલી, નાપા, વાસદ, વડોદરા જતો અને ત્યાંથી ધારાનગરી જવાતું.

ખંભાતથી હોડી મારફતે કાવી જવાતું. કાવી અને ગાંધાર એ બે મહીસાગરનાં દક્ષિણનાં બંદરો હતાં. કાવીથી જંબુસર જવાતું. ખંભાતથી પેટલાદ સુધીનો એક ધોરી માર્ગ હતો. ખંભાતથી બોરસદ સુધીનો માર્ગ હતો. તથા દહેવાણ સુધીનો માર્ગ હતો. અને ત્યાંથી આગળ કાનમમાં જવાતું. નગરા અને ખંભાત બંનેને ભરૂચ સાથે દરિયા માર્ગે સીધો સંબંધ હતો. ખંભાતથી અરબસ્તાન, ઈરાન વગેરે દેશોમાં સમુદ્ર રસ્તે જવાતું.

ખંભાતથી દિલ્હી સુધીનો ધોરી માર્ગ :

ખંભાતથી નારના રસ્તે સોજીત્રા જતાં, અને ત્યાંથી અમદાવાદ જતાં ઈ. સ. ૧૬૩૮માં આવેલો મુસાફર મેન્ડેલ્સ્લો અમદાવાદથી પ્રથમ સોજીત્રે બે દિવસે આવ્યો હતો,[૧] અને ત્યાંથી ખંભાત આવ્યો હતો.

વિ. સં ૧૬૩૫ના અરસામાં અકબર બાદશાહને જિન દર્શનનું તત્ત્વ જાણવા ઇચ્છા થતાં તેણે તે વખતના પ્રભાવશાળી જૈનાચાર્ય જિનચંદ્રસુરી અને તેના શિષ્ય બીકાનેરના રાજ્યનો કર્મચંદ્ર મંત્રી જે તે વખતે ખંભાતમાં હતા, તેમને બોલાવવાને ફરમાન મોકલ્યું. આ ફરમાન તેમને ખંભાતમાં મળ્યું એટલે તેઓ ખંભાતથી અમદાવાદ ત્યાંથી શિરોહી, મગસીજી, મેડતા, નાગપુર પછી વિક્રમપુર (વિકાનેર) ને ત્યાંથી મરુમંડલમાં રાણપુર અને ત્યાંથી લાહોર પહોંચ્યા[૨] ( ફાગણ સુદ ૧૨ વિ. સ. ૧૬૩૫ )

૧. મેન્ડેલ્સ્લોની મુસાફરી.

૨. જુઓ કર્મચંદ્ર મંત્રીરાસ પૃ. ૧૨૬–૨૭

જૈન સાધુઓ હંમેશાં પગપાળા મુસાફરી કરે છે. ખંભાત એ જૈન તીર્થ હોવાથી ઘણાખરા જૈન સાધુઓ ખંભાતમાં આવી ગયા છે. અને હજી આવે છે. એટલે તેઓ ધોરી માર્ગે જાય એ દેખીતું છે.

વિજયસેન સૂરી ( વિ. સ. ૧૬૦૪ જન્મ ) રાજનગર ( અમદાવાદ )થી સોજીત્રા અને ત્યાંથી નારને રસ્તે થઈ ખંભાત આવ્યા હતા.[૩]

૧. ખંભાત – તારાપુર સડક :

આ રસ્તાનું કામ ૧૯૫૪ના માર્ચમાં શરૂ કરવામાં આવ્યું તેનો અંદાજી ખર્ચ ૯૬૫૦૦૦ નવલાખ પાંસઠ હજાર છે. આ રસ્તો ખંભાત મ્યુનીસીપલ હદથી તારાપુર સુધી ૧૩ માઈલ લંબાઈનો છે. ચૌદ નવાં નાળાં બાંધવામાં આવ્યાં.

| | |
|---|---|
| ૧ ખંભાતથી તારાપુર | ૧૩ માઈલ દૂર |
| ૨ ખંભાતથી માતર | ૩૦ માઈલ દૂર |
| ૩ ખંભાતથી ખેડા | ૩૩ માઈલ દૂર |
| ૪ ખંભાતથી અમદાવાદ | ૫૫ માઈલ દૂર છે. |

ઉપરનો પ્રથમનો રસ્તો ના. નવાબસાહેબ હુસેનયાવરખાન સાહેબે તા. ૨૭–૫–૫૬ના રોજ ખુલ્લો મૂકયો.

૫ ખંભાતથી પેટલાદ તથા ખંભાતથી ગોલાણા રોડ થયા.

૩. રાજનગરથી પૂજ્ય પધારિયા, અનુક્રમિ સોજિત્ર પુરિઆવિદ્યા દેવતણી ગતિ કો ન સકઈ કવિ ભવિતવ્યતા જે તે કિણિના લિટલી ૧૪

× × ×

સફૂ પરવારિ બહુ યતન કિયા, નારિ નગરમાં ગુરુ પધરાવીયા. જૈ. ઐ. ગૂ. કા. સં. પૃ. ૧૬૧


ખંભાત તાલુકાના નવા રસ્તાઓ
—સ્કેલ—
મહીસાગર નદી.
ખંભાત નો અખાત
સાબરમતી નદી
પેટલાદ તાલુકો
બોરસદ તાલુકો

ખંભાત તાલુકાના રસ્તા

**ખંભાત રેલવે : સને ૧૯૦૧**

ઈ. સ. ૧૮૫૩ના એપ્રિલની ૧૬મી તારીખે મધ્યાહ્નને ત્રણ વાગ્યે ભારતની પ્રથમ રેલવે મુંબઈથી થાણા સુધી ૨૧ૢ માઇલ નાખવામાં આવી, ત્યાર પછી ૧૮૫૫માં ઉતરાણ અને અંકલેશ્વર વચ્ચે, પછી ઈ. સ. ૧૮૬૧માં વડોદરા ભરૂચ વચ્ચે, પછી ૧૮૬૨માં વડોદરા વાસદ વચ્ચે, ૧૮૬૨માં વાસદથી મહેમદાવાદ અને ૧૮૬૩માં મહેમદાવાદથી અમદાવાદ સુધીની રેલવે તૈયાર થઈ.

**ખંભાત રેલવેના પ્રયત્નો :** ખંભાતનો વ્યાપાર વધે, ગુજરાતનાં બીજાં શહેરો સાથે ખંભાતનો સંબંધ જોડાય અને ખંભાતની જાહોજલાલી વધે એવા શુભ હેતુથી ખંભાતને રેલવે દ્વારા સાંકળી લેવાનો વિચાર ઈ. સ. ૧૮૯૧ના ખંભાતના સ્પેશિયલ ઑફિસર મેજર કેનેડીને આવ્યો હતો, પરન્તુ તે વિચાર પાછળ પ્રગતિબળ ન હતું. પછી ઈ. સ. ૧૮૯૫માં રેલવે કાઢવાનાં આંદોલન શરૂ થયાં. અમદાવાદમાં શાહીબાગમાં મી. રીડ સાહેબ, કર્નલ ઓલીવર, અને ખંભાતના દીવાન શ્રી માધવરામ એ ત્રણેની એક મીટીંગ મળી, તેમાં ખંભાતના દીવાનશ્રીએ ખંભાતના હિત માટે ઘણી જ લાગણીભરી સમજાવટ રજૂ કરી અને એ વાત કમિટિમાં કબૂલ થતાં કલકત્તા સરકાર પાસેથી મંજૂરી મેળવી.

**કાર્યની શરૂઆત :** આણંદથી પેટલાદ સુધી રેલવે ઈ. સ. ૧૮૯૧માં બંધાઈ હતી. એટલે પેટલાદથી ખંભાત સુધીની બ્રોડગેજ રેલવે બાંધવાનું હતું. તારાપુરથી ખંભાત સુધીનો ૧૩ માઈલનો ગાળો તે નવાબસાહેબની હદ હતી, તે રસ્તો બાંધવાનું કામ તા. ૧૯મી નવેમ્બર ૧૮૯૯થી શરૂ થયું. આ સમયે દુષ્કાળ પડ્યો હતો. એ દુષ્કાળમાં પિડાતાં ૩,૦૦૦ માણસોને કામે લગાડવામાં આવ્યા, અને ફેબ્રુઆરી ૧૯૦૦માં કામ તૈયાર થઈ ગયું. ખંભાત રેલવે સ્ટેશન ૧૯૦૧માં બંધાયું.

**પ્રથમ રેલવે ઉદ્‌ઘાટન : ૨૦ જૂન ૧૯૦૧**

તા. ૨૦મી જૂન ૧૯૦૧ ને ગુરુવારનો ઉજ્જવલ દિવસ હતો. તે દિવસે સવારના નવ વાગે ઉત્તર વિભાગના કમિશનર મે. એફ. એસ. પી. લેલી સાહેબના હસ્તે ખુલ્લી મૂકવાની ક્રિયા કરવામાં આવી. સ્ટેશનના કંપાઉન્ડને શણગારવામાં આવ્યું હતું. સવારે આણંદથી સ્પેશિયલ ટ્રેનમાં મે. લેલી સાહેબ તેમના મંડળ, રેલવે કંપનીના એજંટ કર્નલ ઓલીવાર સાહેબ, અમદાવાદના ટ્રાફિક સુપરિન્ટેન્ડેન્ટ, ખેડાના કલેકટર મે. પ્રાટ સાહેબ વગેરે મહેમાનો આવ્યા હતા.

ના. મહુર્મ નવાબ સાહેબ જાફરઅલીખાન સાહેબે સૌને હર્ષથી આવકાર્યા હતા. તે સઘળાઓને તેર તોપોનું માન આપ્યું હતું.

બાદ દીવાન શ્રી માધવરામે ખંભાત વિષે ઐતિહાસિક અને મનન યોગ્ય ભાષણ આપ્યું હતું. તે કહે છે કે 'આજનો દિવસ ખંભાતના ઇતિહાસમાં લાલ અક્ષરથી નોંધ લેવા લાયક છે. આજથી ખંભાતની આબાદી અને સુધારાનો સમય શરૂ થયો છે. રેલવે સાથે ખંભાત જોડાય છે. તેથી ખંભાતની ગએલી આબાદી પાછી મળશે.' તેમના ભાષણ પછી મી. લેલી સાહેબે ભાષણ આપ્યું હતું.

ના. નવાબ સાહેબ જાફરઅલીખાન સાહેબે ચાંદીનો નકસીદાર રેશમી વાવટો મી. લેલી સાહેબને આપ્યો, તે ધરતાં હુરેરેના આનંદધ્વનિ સાથે તા. ૨૦મી જૂન ૧૯૦૧ના સવારના નવ વાગે ખંભાતના સ્ટેશનથી પ્રથમ ગાડી ઊપડી. એક તોપ ફોડવામાં આવી હતી.

**મહેમાનોનો સત્કાર અને વિદાય**

મહેમાનોને ડંકાનિશાન સાથે સવારીના રૂપમાં કોઠીના બંગલામાં લઈ જવામાં આવ્યા હતા. ત્યાં તેમને ખાણું આપવામાં આવ્યું હતું. ત્યાર બાદ તે આણંદ તરફ વિદાય થયા હતા.